Gujarati

NHS

# ધ કેર રેકોર્ડ ગેરંટી (સંભાળની નોંધોની બાંયધરી)

ઈંગ્લેન્ડમાં એન.એચ.એસ.ના કેર રેકોર્ડ્સ માટેની
અમારી ગેરંટી

## પરિચય

ઈંગ્લેન્ડમાં નેશનલ હેલ્થ સર્વિસમાં અમારો ઉદ્દેશ તમને સર્વોચ્ચ ગુણવત્તાની આરોગ્ય સંભાળ પૂરી પાડવાનો છે. આરોગ્ય અને સંભાળમાં સંશોધનો મારફતે સુધારા કરે તેવા પુરાવાઓ પણ એકઠા કરવાનો અમારો ઉદ્દેશ છે. આ કરવા માટે, અમારે તમારા વિશે, તમારા આરોગ્ય અને અમે તમને પૂરી પાડેલી કે પૂરી પાડવાનું વિચારી રહ્યાં હોઈએ તેવી સંભાળ વિશેના રેકોર્ડ્સ (નોંધો) રાખવા જ પડે છે. એન.એચ.એસ.ના કેર રેકોર્ડ્સ ઈલેક્ટ્રોનિક રીતે, કાગળ પર અથવા બંને પ્રકારે રાખવામાં આવી શકે છે, અને આ ગેરંટી (બાંયધરી) જાળવવા માટે સંસ્થાઓ જુદા જુદા પ્રકારની કાર્યકારી પદ્ધતિઓ અને ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે.

તમારું ખાનગીપણું જળવાઈ રહે તેમજ તમારી અંગત માહિતી માહિતી એન.એચ.એસ. દ્વારા સુરક્ષિત અને સલામત રાખવામાં આવે તેનો તમને અધિકાર છે (એન.એચ.એસ. કોન્સ્ટિટ્યુશન ફોર ઈંગ્લેન્ડ 2010). આ ગેરંટી અમારું વચન સમાયેલું છે કે એન.એચ.એસ.ની સંસ્થાઓ અને એન.એચ.એસ.ના વતી સંભાળ પૂરી પાડનારી સંસ્થાઓ તમારા વિશેના રેકોર્ડ્સનો ઉપયોગ એવી રીતે કરશે જેથી તમારા અધિકારોનું માન જળવાઈ રહે અને તમારા આરોગ્ય અને કલ્યાણમાં વધારો થઈ શકે. સરકારે એ સ્પષ્ટ કર્યું છે કે દર્દીઓ તેમના પોતાના આરોગ્યના રેકોર્ડ્સ પર નિયંત્રણ રાખશે. આમાં જીપી દ્વારા રાખવામાં આવતા તેમના રેકોર્ડ્સથી શરૂ કરીને તમામ આરોગ્ય સંભાળ પૂરી પાડનારાં દ્વારા રાખવામાં આવતા રેકોર્ડ્સનો સમાવેશ થઈ જાય છે (એક્વિટી એન્ડ એક્સલન્સઃ લિબરેટિંગ ધ એન.એચ.એસ., ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ, 2010, ફકરો 2.11) (Equity and Excellence: Liberating the NHS, Department of Health, 2010, paragraph 2.11).

તમારી સંભાળ રાખતાં લોકો તમારા રેકોર્ડ્સનો ઉપયોગ આ માટે કરે છેઃ

- તમારા દ્વારા અને આરોગ્ય સંભાળના વ્યવસાયિકો દ્વારા લેવામાં આવતા આરોગ્યને લગતા તમામ નિર્ણયો માટે એક યોગ્ય આધાર પૂરો પાડવા માટે;
- સંભાળ પૂરી પાડનારાંની સાથે મળીને તમે કામ કરી શકો તે માટે;
- તમારી સંભાળ સલામત અને અસરકારક હોય તેની ખાતરી કરવા માટે;
- તમને સંભાળ પૂરી પાડતાં અન્યો સાથે અસરકારકતાથી કામ કરવા માટે.

બીજાં લોકોને પણ તમારા વિશેના રેકોર્ડ્સનો ઉપયોગ કરવાની આ માટે જરૂર પડી શકે:

- સંભાળની ગુણવત્તાની તપાસ કરવા (જેમ કે ક્લિનિકલ ઓડિટ) માટે;
- સામાન્ય જનતાના આરોગ્યનું રક્ષણ કરવા માટે;
- એન.એચ.એસ.ના ખર્ચા પર નજર રાખવા માટે;
- આરોગ્ય સેવાનું સંચાલન કરવા માટે;
- તમારી આરોગ્યસંભાળ વિશે તમને કે તમારાં કુટુંબીજનોને હોય તેવી કોઈ ચિંતાઓ કે ફરિયાદોની તપાસમાં મદદ માટે;
- આરોગ્યસંભાળના વ્યવસાયિકોને શિક્ષણ આપવા માટે; અને
- સંશોધનમાં મદદ માટે.

કાયદો તમને આ માટેનો અધિકાર આપે છે:

- ખાનગીપણાની ફરજના સામાન્ય કાયદા હેઠળ ખાનગીપણું જળવાઈ રહેવું;
- તમારા વિશેની માહિતીને ડેટા પ્રોટેક્શન એક્ટ (માહિતીની સુરક્ષાને લગતો કાયદો) 1998 હેઠળ જેવી રીતે હાથ ધરવામાં આવે છે તે માટેની સુરક્ષા; અને
- હ્યુમન રાઈટ્સ એક્ટ (માનવ અધિકારનો કાયદો) 1998 હેઠળ તમારી ઓળખ છતી ન થવી.

આ 'સંપૂર્ણ અધિકારો' નથી, કારણ કે ઘણીવાર વ્યક્તિના અધિકારોનું બીજાં લોકોના અધિકારો સાથે સમતોલન જાળવવું જરૂરી બને છે, પરંતુ આ કાયદાઓ ઘણા મોટા પ્રમાણમાં સુરક્ષા જરૂર પૂરી પાડે છે.

તે તમને આ અધિકાર પણ આપે છે:

- તમારા વિશે કાગળ પર અથવા ઈલેક્ટ્રોનિક રીતે રાખવામાં આવેલા તમામ રેકોર્ડ્સની નકલ જોવા માગવી (તમારે આ માટે કદાચ ફી ચૂકવવી પડે); અને
- જો તમે તમારા પોતાની આરોગ્ય સંભાળના નિર્ણયો લેવા માટે સમર્થ ન હો, તો તમારા વતી તે નિર્ણયો લેવા માટે કોઈની પસંદગી કરવી (આને 'લાસ્ટિંગ પાવર ઓફ એટોર્ની' કહેવાય છે)

અમારી આ ફરજ છે:

- અમે તમને પૂરી પાડીએ તે સંભાળના સચોટ રેકોર્ડ્સ જાળવવા;
- તમારા વિશેના રેકોર્ડ્સ ખાનગી, સલામત અને સચોટ રાખવા (તમારા મૃત્યુ પછી પણ); અને
- તમે વાંચી શકો તેવા સ્વરૂપમાં તમને માહિતી પૂરી પાડવી (દાખલા તરીકે જો તમને દ્રષ્ટિની નબળાઈ હોય તો મોટા અક્ષરોમાં છાપેલી માહિતી).

એન.એચ.એસ.માં તમને સંભાળ પૂરી પાડતાં લોકો માટે એક સારો કાર્યવ્યવહાર એ છે કે:

- તેઓ તમારા વિશે  શું નોંધ કરવાનાં છે તેની તમારી સાથે ચર્ચા કરીને મંજૂરી મેળવે;
- તેઓ તમારા વિશે જે પત્રો લખતાં હોય તેની એક નકલ તમને આપે; અને
- જો તમે પૂછો તો તેમણે તમારા વિશે શું નોંધ કરી છે તે તમને બતાવે.

જો તમારી ઓળખ અને ખાનગીપણા વિશે કંઈ પણ ચિંતા હોય, અથવા તમે એન.એચ.એસ. કેર રેકોર્ડ ગેરંટીમાં આપેલાં વચનોનું પાલન કરવા માટે સ્થાનિક સંસ્થાઓએ કરેલી ગોઠવણો વિશે વધારે જાણવા ઈચ્છતાં હો, તો તમારે તમારી સ્થાનિક એન.એચ.એસ. સંસ્થામાં અથવા સંભાળ પૂરી પાડનારને તે વિશે પૂછવું જોઈએ.

## તમારા પ્રતિ અમારાં 12 વચનો

**1** જ્યારે અમને તમારી લેખિત વિનંતી મળે, ત્યારે અમે તમારા વિશે નોંધ કરેલ તમામ વિગતો સામાન્ય રીતે અમારે તમને જોવા દેવી જ પડે છે. બીજાં લોકો વિશેની ખાનગી માહિતી અથવા આરોગ્ય સંભાળના વ્યવસાયિકને લાગે કે કોઈ માહિતી તમારા કે બીજાં કોઈના શારીરિક કે માનસિક આરોગ્યને ગંભીર નુક્સાન કરી શકે તેવી છે, તો તે માહિતી અમે તમને કદાચ ન આપીએ. આ કાગળ પર અને ઈલેક્ટ્રોનિક રીતે રાખવામાં આવેલ રેકોર્ડ્સ માટે લાગુ પડે છે. પરંતુ, જો તમે અમને કહેશો તો તમારા વિશેના આરોગ્યના રેકોર્ડ્સ અમે બીજાં લોકોને જોવા દઈશું.

જ્યારે પણ શક્ય હશે ત્યારે, તમારા આરોગ્યના રેકોર્ડ્સ અમે તમને મફત અથવા કાયદા દ્વારા પરવાનગી આપ્યા મુજબની ઓછામાં ઓછી કિંમતે જોવા આપીશું. તમારા રેકોર્ડ્સ જોવા માગવાની વિનંતી જો તમે લેખિતમાં નહિ કરી શકો તેમ હો, તો તે માટેની બીજી રીતો અમે તમને પૂરી પાડીશું.

તમે વાંચી શકો તેવા સ્વરૂપમાં અમે તમને માહિતી પૂરી પાડીશું (દાખલા તરીકે જો તમને દ્રષ્ટિની નબળાઈ હોય તો મોટા અક્ષરોમાં છાપીને).

**2** અમે જ્યારે આરોગ્ય સંભાળ પૂરી પાડીશું ત્યારે તમારા રેકોર્ડ્સ અમે સંભાળ પૂરી પાડનારાં લોકો અથવા સંભાળની ગુણવત્તા તપાસનારાં લોકો સાથે આપ-લે કરીશું (સિવાય કે તમારા રેકોર્ડ્સની અમુક લોકો સાથે જ અમે આપ-લે કરી શકીએ તેવું તમે અમને કહેલું હોય). કાગળ પર કે કમ્પ્યુટર પર તમારા રેકોર્ડ્સ જોનાર દરેક જણે તે માહિતી ખાનગી રાખવી જ પડે છે.

અમે માત્ર એટલી જ માહિતીની આપ-લે કરવાનો ઉદ્દેશ રાખીશું જે માહિતી તમારી આરોગ્ય સંભાળ પૂરી પાડવાનું પોતાનું કામ કરવા માટે લોકોએ જાણવી જરૂરી હોય.

**3** તમારી સંભાળ પૂરી પાડવા સિવાયનાં બીજાં કોઈ કારણોસર તમારી ઓળખ છતી કરી શકે તેવી કોઈ પણ આરોગ્યને લગતી તમારી માહિતીની અમે આપ-લે કરીશું નહિ (ખાસ કરીને બીજી સરકારી સંસ્થાઓ સાથે), સિવાય કે:

- તમે તેમ કરવાનું અમને કહો;
- અમે તમને પૂછીએ અને તમે અમને તેના પૂરતી જ પરવાનગી આપો;
- કાયદા હેઠળ અમારે આ કરવું પડે તેમ હોય;
- આરોગ્ય અથવા સંશોધનના હેતુસર તે માટેની ખાસ પરવાનગી અમારી પાસે હોય; અથવા

- અમને તે માટેની ખાસ પરવાનગી મળેલી હોય કારણ કે તમારા ખાનગીપણા કરતાં જાહેર હિત વધારે અગત્યનું માનવામાં આવતું હોય.

જો અમે તમારી પરવાનગી વગર માહિતીની આપ-લે કરીશું, તો અમે ડેટા પ્રોટેક્શન એક્ટ 1998, એન.એચ.એસ.ની ખાનગીપણા માટેની આચારસંહિતા તેમજ શ્રેષ્ઠ કાર્યવ્યવહાર ઉપરની અન્ય રાષ્ટ્રિય માર્ગદર્શિકાઓનું અમે પાલન કરીએ છીએ તેની ખાતરી કરીશું. હાલની માર્ગદર્શિકાઓ વિશે વધારે માહિતી આ વેબસાઈટ પરથી મેળવી શકાય છેઃ www.dh.gov.uk/

**4** કાયદેસર રીતે, તમારી ઓળખ છતી કરી શકે તેવી આરોગ્યને લગતી માહિતીની આપ-લે કરવા વિશેના નિર્ણયો તમારા વતી બીજું કોઈ લઈ શકે નહિ. આમાં એકમાત્ર અપવાદ માતાપિતાઓ અથવા કાનૂની વાલીઓનો છે, અથવા જે પુખ્ત વયનાં લોકો પોતાની જાતે નિર્ણય લઈ શકે તેમ ન હોય તેમના વતી અને જે બીજાં લોકો પર જોખમ ઊભું કરતાં હોઈ શકે તેવાં લોકો વતી નિર્ણયો લેવાની જેમની પાસે કાનૂની સત્તા હોય તેવાં લોકોનો છે. જો તમે તમારી જાતે નિર્ણયો લેવાની ક્ષમતા ગુમાવી રહ્યાં હો તો તમે તમારા વતી નિર્ણયો લેવા માટેની સત્તા લાસ્ટિંગ પાવર ઓફ એટોર્ની તરીકે નિમણૂંક કરેલી વ્યક્તિને આપી શકો છો. તમારી સંભાળના રેકોર્ડ્સ વિશેના નિર્ણયો લેવા માટે તે વ્યક્તિ પાસે કયા અધિકારો છે તે તમે નક્કી કરી શકો છો. જો તમે કોઈની નિમણૂંક ન કરો, તો તમારી સંભાળમાં સંકળાયેલ આરોગ્ય સંભાળના કોઈ ઉપરી વ્યવસાયિક માહિતીની આપ-લે કરવાનું તમારા સર્વોત્તમ હિતમાં હોવાનું નક્કી કરી શકે. આ નિર્ણયમાં તમારાં સગાં અને સંભાળ રાખનારાં (કેરરો)નાં મંતવ્યોને તેમજ તમે પહેલેથી નોંધાવેલ તમારાં કોઈ મંતવ્યો હોય તો તેને ધ્યાનમાં લેવામાં આવવાં જોઈએ. તબીબી સંશોધનો અને અન્ય હેતુઓ માટે, (પાન 6 પર આપેલ વિગતો જુઓ), વ્યક્તિની ઓળખ છતી કરી શકે તેવી આરોગ્યને લગતી કોઈ માહિતીની આપ-લે કરવાની ખાસ પરવાનગી ક્યારે આપવામાં આવવી જોઈએ તે માટે ધ નેશનલ ઈન્ફોર્મેશન ગવર્નન્સ બોર્ડ ફોર હેલ્થ એન્ડ સોશિયલ કેર સલાહ આપે છે.

## તમારું નામ છતું કરે તેવી માહિતી અમે ક્યારે તમને પૂછ્યા વગર વાપરી શકીએ કે બીજાં સાથે આપ-લે કરી શકીએ

- કેટલીકવાર લોકો વિશેની માહિતી આપવાની અમારી કાનૂની ફરજ બનતી હોય છે. તેનાં ઉદાહરણોમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે:

  – જન્મોની નોંધણી કરવી;

  – કેટલાક ચેપી રોગો વિશે જાણ કરવી;

  – બંદૂકની ગોળીના ઘા વિશે પોલીસને જાણ કરવી; અથવા

  – કારણ કે કોર્ટ અમને તેમ કરવાનો હુકમ કરે.

- કેટલીકવાર તમારી ઓળખ છતી કરી દે તેવી માહિતી તમારી મંજૂરી વગર વાપરવા માટે ખાસ પરવાનગી આપવામાં આવશે. આ કદાચ તબીબી સંશોધન કરવા, કેન્સરનાં દર્દીઓનાં નોંધપત્રકો રાખવા અથવા સંભાળની ગુણવત્તાની તપાસ કરવા માટે હોઈ શકે. આ પરવાનગી 'નેશનલ ઈન્ફોર્મેશન ગવર્નન્સ બોર્ડ ફોર હેલ્થ એન્ડ સોશિયલ કેર'ની સલાહ ઉપર સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર હેલ્થ (આરોગ્ય વિભાગના રાજ્ય સચિવ) દ્વારા કડક શરતો હેઠળ આપવામાં આવે છે.

- જ્યારે તમારા ખાનગીપણા કરતાં જાહેર જનતાનું હિત ઘણું મોટું હોય ત્યારે પણ ખાસ પરવાનગી આપવામાં આવી શકે. આવું ભાગ્યે જ  બને છે, પરંતુ આવું બની શકે તેવી કેટલીક પરિસ્થિતિઓમાં નીચેની બાબતોનો સમાવેશ થઈ શકે:

  – જ્યારે કોઈ ગંભીર ગુનો કરવામાં આવ્યો હોય;

  – જ્યારે જાહેર જનતા અથવા એન.એચ.એસ.ના કર્મચારીઓ પર ગંભીર જોખમો હોય; અથવા

  – જે બાળકો અથવા જેમના પર કોઈ પ્રકારે જોખમ રહેલું હોય તેવાં પુખ્ત વયનાં લોકો તેમની માહિતીની આપ-લે કરવામાં આવવી જોઈએ કે નહિ તેનો જાતે નિર્ણય લઈ શકે તેમ ન હોય તેમનું રક્ષણ કરવા માટે.

  અત્યંત અપવાદરૂપ સંજોગો સિવાયના બીજા સંજોગોમાં, દરેક આરોગ્ય અને સંભાળ પૂરી પાડતી સંસ્થામાં તમારા ખાનગીપણાનું રક્ષણ કરવા માટે જવાબદાર ઉપરી ક્લિનિશ્યન દ્વારા આ પરવાનગી આપવામાં આવે છે (જેમને ઘણીવાર 'કેલ્ડિકોટ ગાર્ડિયન' (Caldicott Guardian) કહેવાય છે.)

5 કેટલીકવાર તમારી આરોગ્ય સંભાળ સંભાળ પૂરી પાડનારી ટુકડીના કોઈ સભ્ય દ્વારા પૂરી પાડવામાં આવશે જેમાં સોશિયલ સર્વિસીસ અથવા શિક્ષણ વિભાગ જેવી બીજી સંસ્થાઓનાં લોકોનો સમાવેશ થઈ શકે. જો આવું હશે તો અમે તમને તે જણાવીશું. તમારા આરોગ્યને લગતી માહિતીની જ્યારે એન.એચ.એસ. બહારની સંસ્થાઓ સાથે આપ-લે કરવાનું તમારી સંભાળ માટે સર્વોત્તમ હશે ત્યારે તે વિશે અમે તમારી સાથે અગાઉથી કબૂલાત કરીશું. જો તમે કબૂલ નહિ થાવ, તો આના લીધે તમારી સંભાળ પર પડનારી સંભવિત અસરો વિશે અને તેના બદલે તમે બીજું શું કરી શકો તે વિશે તમારી સાથે ચર્ચા કરીશું.

6 તમારી સંભાળના રેકોર્ડ્સમાં લખેલી તમારી ઓળખ છતી કરે તેવી માહિતીની અમે કેવી રીતે આપ-લે કરીએ તેના પર મર્યાદા મૂકવાનું તમે સામાન્ય રીતે પસંદ કરી શકો છો. આ નિર્ણય લેવામાં તમારી મદદ કરવા માટે, અમે આના લીધે તમને સંભાળ કે સારવાર પૂરી પાડવાની અમારી ક્ષમતા પર કેવી રીતે અસર પડી શકે તેની અને તેના બદલે તમે બીજું શું કરી શકો તે વિશે અમે તમારી સાથે ચર્ચા કરીશું.

7 તમારા વિશેની માહિતીનો અમે કેવી રીતે ઉપયોગ કરીએ છીએ તે વિશેના તમારા પ્રશ્નો, ચિંતાઓ અને ફરિયાદો ઉપર અમે ન્યાયી અને અસરકારક પગલાં લઈશું. બધા જ ટ્રસ્ટોમાં પેશન્ટ એડવાઈઝ એન્ડ લિએઝન સર્વિસ (પાલ્સ) હોય છે જેઓ પ્રશ્નોના જવાબ આપી શકે છે, સલાહ અને સહાય મેળવવાનાં સ્થાનોનું માર્ગદર્શન કરી શકે છે, અને ફરિયાદ કેવી રીતે કરવી તેની સલાહ આપી શકે છે. અમારી પાસે ફરિયાદ કરવા માટેની એક સ્પષ્ટ કાર્યપદ્ધતિ હશે. તમારી ચિંતાઓ અને ફરિયાદોમાંથી અમે જે શીખીશું તેનો ઉપયોગ અમે અમારી સેવાઓમાં સુધારા લાવવા માટે કરીશું.

8 તમારા વિશેની માહિતી સચોટ હોય તેની ખાતરી કરવા માટે અમે યોગ્ય પગલાં લઈશું. તમારા વિશેના રેકોર્ડ્સ તપાસવાની અને કોઈ ભૂલો હોય તો તે બતાવવાની તમને તક આપવામાં આવશે. સામાન્ય રીતે હકીકતને લગતી કોઈ ભૂલો હશે તે અમે સુધારી લઈશું. જો તમે નોંધવામાં આવેલ અભિપ્રાય કે સૂચનથી ખુશ નહિ હો, તો અમે તેની સાથે તમારાં સૂચનો ઉમેરીશું. જો તમને લાગે કે હાલમાં તમારા રેકોર્ડ પર રાખવામાં આવેલી માહિતીને કારણે તમને કોઈ તનાવ કે નુક્સાન થાય છે, તો તમે તે માહિતી સુધારવા કે ભૂંસી નાંખવા માટે અરજી કરી શકો છો.

**9** કોન્ટ્રાક્ટની શરતો દ્વારા અને કર્મચારીઓને તાલીમ આપીને અમે ખાતરી કરીશું કે એન.એચ.એસ.માં કે તેના વતી કામ કરતા દરેક જણને માહિતી ખાનગી રાખવાની તેમની ફરજ, તેનો વ્યવહારમાં શું અર્થ થાય છે, તેમના કામના બધા જ ભાગોમાં તે કેવી રીતે લાગુ પડે છે તેની સમજ પડી હોય.

એન.એચ.એસ. માટે અથવા અમારા વતી સંભાળ પૂરી પાડનારી બધી જ સંસ્થાઓએ એક જ સરખી કડક નીતિઓ અને નિયંત્રણોનું પાલન કરવું પડે છે. આનું સંચાલન ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થના ઈન્ફોર્મેશન ગવર્નન્સ ફ્રેમવર્ક ફોર હેલ્થ એન્ડ સોશિયલ કેર દ્વારા તેમજ વ્યક્તિગ ધોરણો દ્વારા કરવામાં આવે છે, જે ઈન્ફોર્મેશન ગવર્નન્સ ટૂલકિટ બનાવે છે.

**10** તમારા વિશે - કાગળ પર તેમજ ઈલેક્ટ્રોનિક રીતે - રાખવામાં આવેલા રેકોર્ડ્સ સલામત રાખવામાં આવે છે અને તે જોવાનો જેમને અધિકાર હોય તે લોકોને જ તે જોવા દેવામાં આવે છે તેની ખાતરી કરવા અમે યોગ્ય પગલાં લઈશું.

ક્યારેક એવા પણ સમય આવી શકે જ્યારે તમારી પહેલેથી પરવાનગી લીધા વગર કોઈને તમારા વિશેની માહિતી જોવાની જરૂર પડે. આ માટેનું વાજબી કારણ હોઈ શકે છે, દાખલા તરીકે, જો તમને ઈમર્જન્સીમાં સંભાળની જરૂર પડે.

**11** જે કોઈએ પણ આરોગ્યના રેકોર્ડ્સ વાંચ્યા હોય અથવા તેમાં નોંધો ઉમેરી હોય તેમનો રેકોર્ડ અમે નવી ઈલેક્ટ્રોનિક રેકોર્ડ સિસ્ટમમાં રાખીશું. કેટલીક જૂની કમ્પ્યુટર સિસ્ટમોમાં જેમણે રેકોર્ડ વાંચીને તેમાં ફેરફારો કરેલા હોય તેમના જ રેકોર્ડ રાખવામાં આવશે. કાગળ પરના રેકોર્ડ્સમાં જ્યાં લોકોએ રેકોર્ડમાં નોંધો કરેલી હોય તેમનો જ સમાવેશ થાય છે, જેમણે તે વાંચી હોય તેમનો નહિ.

**12** જો તમારું માનવું હોય કે તમારી માહિતી અયોગ્ય રીતે જોવામાં આવી રહી છે તો અમે તેની તપાસ કરીને તેનાં પરિણામો તમને જણાવીશું.

જો અમને ખબર પડશે કે પરવાનગી લીધા વગર કે કોઈ વાજબી કારણ વગર તમારા રેકોર્ડ્સ કોઈએ વાંચ્યા છે, તો તેની તમને જાણ કરીને અમે પગલાં લઈશું. આમાં શિસ્તભંગનાં પગલાં લેવાનો સમાવેશ થઈ શકે, જેમાં કોન્ટ્રાક્ટનો અંત લાવવો, કર્મચારીને કામ પરથી કાઢી મૂકવામાં આવે કે તેમના પર ગુનાકીય અપરાધના આરોપ મૂકવામાં આવી શકે.

## બદલામાં તમે કરી શકો તેવી છ બાબતો

**a.** તમે જ્યારે તમારું સરનામું અથવા નામ બદલો ત્યારે તેની અમને જાણ કરીને અને તમારા માટેના ખાસ અલગ એન.એચ.એસ. નંબરની નોંધ રાખીને અમે તમારી સાચી ઓળખ કરી છે તેની ખાતરી કરવામાં અમારી મદદ કરો.

**b.** તમારા રેકોર્ડમાંની કોઈ પણ માહિતી ખોટી હોય તો અમને કહો.

**c.** અમે તમને આરોગ્ય સંભાળ પૂરી પાડી શકીએ તે માટે જેટલી જરૂરી હોય તેટલી તમારા વિશેની બધી માહિતી અમને આપ-લે કરવા દો.

**d.** તમારા ઈલેક્ટ્રોનિક કેર રેકોર્ડમાં રાખેલી માહિતીની અમે અમુક જ લોકો સાથે આપ-લે કરીએ તેવું તમે નક્કી કરેલું હોય, તો તમે જ્યારે તમારો વિચાર બદલો ત્યારે તેની અમને જાણ કરો. અમે હંમેશાં તમને શક્ય તેટલી સર્વોત્તમ સંભાળ પૂરી પાડવાનો પ્રયત્ન કરીશું, પરંતુ એ વાત ખ્યાલમાં રાખશો કે અમારાથી અમુક જ લોકો સાથે તમારી માહિતીની આપ-લે થઈ શકે તેવું તમે અમને કહ્યું હશે, તો તે કામ વધારે મુશ્કેલ બની શકે.

**e.** જો તમે ચોક્કસ હો કે તમારા હેતુઓ માટે જરૂરી છે તો જ બીજાં લોકોને - ઈન્શ્યોરન્સ કરનારાં, મોર્ગેજ આપનારાં, એમ્પ્લોયરો, સોલિસિટરોને- તમારા રેકોર્ડ્સ જોવા દો. તમે કોને પરવાનગી આપી રહ્યાં છો અને શા માટે તેનો ધ્યાનથી વિચાર કરો. તેમને જરૂરી હોય તેટલી જ માહિતી તેઓ જોઈ શકે અને વધુ નહિ એના પર કાબૂ રાખો.

**f.** કેટલીકવાર, અગત્યના સંશોધન માટે તમારા રેકોર્ડ્સમાંથી અમે કેટલીક એવી માહિતીનો ઉપયોગ કરવા માટે તમારી પરવાનગી માગીએ જેનાથી કદાચ તમારી ઓળખ છતી થઈ શકે તેમ હોય. કૃપા કરીને અમને તમારી પરવાનગી આપો, સિવાય કે અમે આ રીતે તમારી માહિતીનો ઉપયોગ ન જ કરીએ એવું તમને સખતપણે લાગતું હોય.

# માતાપિતા અને યુવાન લોકો માટે

## પરિચય

બાળકો અને યુવાન લોકોના આરોગ્ય માટે સંભાળના રેકોર્ડ્સ અગત્યના છે. પોતાના બાળકના આરોગ્ય વિશે જાણવું તે માતાપિતા માટે અગત્યનું છે. માતાપિતામાં જન્મ આપનારાં માતાપિતા તેમજ જેમને કોર્ટ દ્વારા બાળકના માતાપિતા તરીકેની જવાબદારી આપવામાં આવી હોય તેમનો સમાવેશ થાય છે.

તેઓ મોટાં થાય તેમ, બાળકો તેમના પોતાના નિર્ણયો લેવા માટે વધારે સમર્થ બને છે. તેમને આમ કરવામાં મદદ કરવી જોઈએ અને જ્યારે પણ શક્ય હોય ત્યારે તેમની આરોગ્ય સંભાળમાં તેમને સાંકળવાં જોઈએ. નાનાં બાળકો માટેની સંભાળના રેકોર્ડ્સ વિશેની ચિત્રો સાથેની પત્રિકા તમને www.nigb.nhs.uk પરથી મળી શકે છે.

## માતાપિતા

જો તમે માતા કે પિતા હો, તો અમે તમને તમારા બાળકના સંભાળના રેકોર્ડ જોવા દઈશું અથવા જો તમે માગશો તો તેની નકલ આપીશું. જો તમારું બાળક સમજી શકે અને નિર્ણયો લઈ શકે તેવું હોય, તો અમે પહેલાં તે માટે તેની મંજૂરી માગીશું. તમારા બાળકના સંભાળના રેકોર્ડમાં કદાચ તમારા વિશેની પણ કેટલીક માહિતી આપેલી હશે. અમે તે તમારા બાળકને બતાવતા પહેલાં તમારી મંજૂરી માગીશું. તમારા બાળકના સંભાળના રેકોર્ડમાંથી તેટલો ભાગ તમારા બાળકને નહિ બતાવવાનું તમે પસંદ કરી શકો છો.

## યુવાન વ્યક્તિ

જો તમે યુવાન વ્યક્તિ હો અને તમારી જાતે સમજી શકવા અને નિર્ણયો લઈ શકવા સમર્થ હો, તો તમારા રેકોર્ડ જોવાનો અને જો તમને જોઈતી હોય તો તેની નકલ મેળવવાનો તમને અધિકાર છે.

તમારી માહિતી તમારાં માતાપિતાને નહિ આપવાનું તમને સંભાળ પૂરી પાડી રહેલ કોઈ વ્યક્તિને તમે કહી શકો છો. આમ કરવાથી જો તમારા પર કોઈ જોખમ ન મૂકાતું હોય કે તમને નુક્સાન ન થતું હોય તો તે માટે અમે મંજૂર થઈ શકીએ છીએ. આ વિશે અમે તમારી સાથે ચર્ચા કરીશું અને સહમતી પર પહોંચવાનો પ્રયત્ન કરીશું.

## માતાપિતા અને યુવાન લોકો

સંભાળના રેકોર્ડ વિશેના નિર્ણયો સાથે મળીને લેવા માટે અમે તમને અને તમારા બાળકને પ્રોત્સાહિત કરીશું. સંભાળના રેકોર્ડ કોણ જોઈ શકે તે માટે જો તમે સહમત ન થઈ શકતાં હો, તો તમારી હોસ્પિટલ અથવા જીપીનું દવાખાનું કેલ્ડિકોટ ગાર્ડિયન (Caldicott Guardian) પાસેથી સલાહ મેળવશે, જેઓ દર્દીઓની ઓળખ છતી ન થાય તેની સુરક્ષા કરવા માટે જવાબદાર છે.

## માહિતીની આપ-લે કરવી

તમારા બાળકની સારવારમાં સીધી રીતે સંકળાયેલાં ન હોય અથવા એન.એચ.એસ.માં ન હોય (જેમ કે સોશિયલ સર્વિસીસ કે શિક્ષણ વિભાગમાં હોય) તેવાં લોકો સાથે તમારા બાળકની આરોગ્યની માહિતીની આપ-લે કરવાનું તેની સંભાળ માટે સર્વોત્તમ લાગશે, તો તેમ કરતાં પહેલાં અમે સામાન્ય રીતે તમને અથવા તમારા બાળકને પૂછીશું. જો તમે અથવા તમારું બાળક મંજૂર નહિ થાવ, તો તેના લીધે તમારા બાળકની સંભાળ પર શું સંભવિત અસર પડી શકે, અને તેના બદલે તમે બીજું શું કરી શકો તેમ છો તે વિશે અમે તમારી સાથે કે તમારા બાળક સાથે ચર્ચા કરીશું.

પાન 6 પર જણાવ્યા મુજબ કેટલીકવાર, અમારે તમારી અથવા તમારા બાળકની પરવાનગી લીધા વગર માહિતીની આપ-લે કરવી પડે છે. ખાસ કરીને આ જ્યારે બાળકની સલામતી અથવા હિતને લગતી કોઈ ચિંતા હોય ત્યારે અને પરવાનગી માગવાથી બાળક પર જોખમ મૂકાતું હોય.

## સમરી કેર રેકોર્ડ (સંભાળ વિશેની સંક્ષિપ્ત નોંધ)

તમારા સમરી કેર રેકોર્ડ (સંભાળ વિશેની સંક્ષિપ્ત નોંધ)માં તમારા જીપીના રેકોર્ડમાં રાખેલી માહિતી આપેલી હોય છે, જેમ કે તમને હાલમાં લખી આપવામાં આવતી દવાઓ, એલર્જીઓ અને તમે પહેલાં લીધી હોય તેવી કોઈ દવાની તમને ખરાબ પ્રતિક્રિયા (રીએક્શન) થયેલી હોય તો તેની વિગતો. તેમાં તમે ઉમેરવા માટે મંજૂર થયેલાં હો તેવી બીજી પણ માહિતી આપેલી હોઈ શકે. એટલે કે ઈંગ્લેન્ડમાં તમને જ્યાં પણ તાત્કાલિક સંભાળની જરૂર પડે, તો તે પૂરી પાડનારાં લોકોને તમારા વિશેની છેલ્લામાં છેલ્લી માહિતી મળી શકે છે.

તમારા સમરી કેર રેકોર્ડમાં રાખેલી માહિતી જોવાની જો અમને જરૂર પડશે તો તે માટે અમે તમારી પરવાનગી માગીશું. જ્યારે આવું શક્ય નહિ હોય, દાખલા તરીકે, જો તમે બેહોશ હો, તો અમે તેની તમારા રેકોર્ડ પર નોંધ કરીશું અને સાધારણ રીતે તે અમે તમને કહીશું.

તમારા વિસ્તારમાં અમે ક્યારે સમરી કેર રેકોર્ડ્સની શરૂઆત કરી રહ્યાં છીએ તે અમે તમને કહીશું. તમારા માટે અમે સમરી કેર રેકોર્ડ બનાવીએ તે પહેલાં, તમે તે તૈયાર કરાવવા માગો છો કે નહિ તેનો નિર્ણય કરી શકો છો.

તમે કોઈ પણ સમયે તમારો વિચાર બદલી શકો છો:

- જો તમે સમરી કેર રેકોર્ડ અમે ન બનાવીએ તેવું નક્કી કરો અને પાછળથી તમારો વિચાર બદલો તો હજુ પણ અમે તમારા માટે તે તૈયાર કરી શકીએ છીએ.
- જો અમે તમારા સમરી કેર રેકોર્ડ બનાવી લીધા પછી તમે તે નહિ રાખવાનું નક્કી કરો, તો તમારા સમરી કેર રેકોર્ડ જોવાનો પ્રયન કરનારા આરોગ્ય સંભાળના વ્યવસાયિકો તે ન જોઈ શકે તેની અમે ખાતરી કરીશું. તમારા રેકોર્ડ ફરીથી અમે ત્યારે જ ઉપલબ્ધ કરાવીશું જ્યારે તે જોવા માગતી કોઈ પણ વ્યક્તિ તે માટે લેખિત માગણી કરે અને તે જરૂરી હોવાની તપાસમાં ખબર પડે.
- તમે તમારા રેકોર્ડ ભૂંસી નાખવા માટે કહી શકો છો પરંતુ જો તમને સંભાળ આપવા માટે રેકોર્ડનો પહેલેથી ઉપયોગ કરવામાં આવી ચૂક્યો હોય તો આ કદાચ શક્ય ન પણ બને.

જો તમારો સમરી કેર રેકોર્ડ હશે, તો તે તમે કોઈ પણ સમયે, મફત, 'HealthSpace' (હેલ્થસ્પેસ) નામની એક સલામત વેબસાઈટ પર જોઈ શકશો. (www.nhs.uk/healthspace). 'HealthSpace' ને બને તેટલી સલામત રાખવા માટે તે વાપરવા તમારે નામ નોંધાવવું આવશ્યક છે.

## તમારી સંભાળના ઈલેક્ટ્રોનિક રેકોર્ડ સલામત અને ખાનગી રહે તેની અમે કેવી રીતે ખાતરી કરીએ છીએ?

સ્થાનિક એન.એચ.એસ. સંસ્થાઓ અને સંભાળ પૂરી પાડનારાંઓ પાસે તમારી ઓળખ છતી ન થાય અને તમારું ખાનગીપણું જળવાય તેની સુરક્ષા માટેની જુદી જુદી પદ્ધતિઓ હોય છે. જો તમને કોઈ ચિંતા હોય અથવા વધારે જાણવા માગતાં હો તો તમારે ત્યાંની સ્થાનિક ગોઠવણો શું છે તે તમારે તપાસવું જોઈએ. વાપરવામાં આવતી કેટલીક પદ્ધતિઓ અહીં જણાવેલી છે:

- **સ્માર્ટકાર્ડ** – જે કોઈ પણ કર્મચારી સભ્યને આરોગ્યની માહિતી ધરાવતી રાષ્ટ્રિય સિસ્ટમ જોવા દેવામાં આવતી હોય તેમની પાસે તેમના એક યુઝરનેમ અને પાસવર્ડ સાથેનું 'સ્માર્ટકાર્ડ' હોવું જરૂરી હશે. ઘણી સ્થાનિક સિસ્ટમો પણ હવે સ્માટકાર્ડ વાપરવાનું શરૂ કરી રહી છે. કેટલીક રાષ્ટ્રિય વસતીના અભ્યાસને લગતી માહિતીની સિસ્ટમો અને કેટલીક સ્થાનિક સિસ્ટમોમાં તે જોવા માટે માત્ર યુઝરનેમ અને પાસવર્ડની જ જરૂર પડશે, પરંતુ સર્વોચ્ચ કક્ષાની સુરક્ષાની જાળવણી કરવા માટે તેમાં હજુ પણ ઘણા કડક નિયંત્રણો હોય છે.

- **મેળવવાની પરવાનગીની નોંધ કરવી** – તમારા રેકોર્ડમાં રાખેલી માહિતી જોવા કે મેળવવા માટે કોઈ વ્યક્તિ પાસે વાજબી કારણ હોવું જરૂરી છે (દાખલા તરીકે, તમારી સંભાળ પૂરી પાડવામાં તે વ્યક્તિ સંકળાયેલી હોય). જ્યારે કોઈ તમારી નિયમિત સારવારમાં સંકળાયેલું ન હોય, દાખલા તરીકે જો તમે જીપીના સામાન્ય ખૂલવાના સમય સિવાયના સમયે ત્યાં જાવ, તો તેઓ તમારા સમરી કેર રેકોર્ડ જોવાની અથવા જો ઉપલબ્ધ હોય તો તમારા જીપીના રેકોર્ડ જોવા દેવા માટે તમારી પરવાગની માગશે.

- **મેળવવા ઉપર નિયંત્રણ** – સ્માર્ટકાર્ડમાં તે જે વ્યક્તિને આપવામાં આવ્યું હોય તેની નોકરી વિશેની માહિતી પણ આપેલી હોય છે. તેઓ કેટલા પ્રમાણમાં ક્લિનિકલ માહિતી મેળવી શકે તેમ છે તે તેમની નોકરીની પદવી પર આધારિત હશે.

- **ઓડિટ ટ્રેઈલ્સ (Audit trails)** – વધારે નવી ઈલેક્ટ્રોનિક રેકોર્ડ સિસ્ટમોમાં ઓડિટ ટ્રેઈલ હોય છે. તે બતાવે છે કે કોણે રેકોર્ડ વાંચ્યો છે અને તેમાં જો કોઈ ફેરફારો કરવામાં આવ્યા હોય તો તે શું છે. કેટલીક જૂની ઈલેક્ટ્રોનિક રેકોર્ડ સિસ્ટમોમાં ઓડિટ ટ્રેઈલમાં રેકોર્ડ જોઈને માત્ર જેમણે ફેરફારો કર્યા છે તેની જ નોંધ જોઈ શકાય એવું બને.

- **ખાનગીપણા પર વધારાના નિયંત્રણો** - ઘણી નવી ઈલેક્ટ્રોનિક રેકોર્ડ સિસ્ટમોમાં તમે જેની આપ-લે કરવા ન માગતાં હો તેવા રેકોર્ડના અમુક ભાગો જોવા દેવા પર નિયંત્રણ મૂકી શકાય છે. આને કેટલીકવાર માહિતી 'સીલ કરવી' તરીકે ઓળખવામાં આવે છે. જ્યાં કદાચ જાહેર હિતમાં ન હોય તેવા સંજોગોમાં, દાખલા તરીકે કોઈ ચેપી રોગ વિશેની માહિતી અથવા બીજાં લોકો પર જોખમો હોય તેવી બીજી કોઈ પરિસ્થિતિમાં, તમારા ડોક્ટર તમને કેટલીક માહિતી સીલ કરવા દેવાનો ઈન્કાર કરી શકે. જો ઈમર્જન્સીમાં તમે તે સમયે તમારી મંજૂરી આપી શકો તેમ ન હો અને ડોક્ટરને તેમ કરવાનું વાજબી  લાગે તો કેટલીક સિસ્ટમો તમારી સારવાર કરી રહેલ ક્લિનિશ્યનોને તમારી સીલ કરેલી માહિતી જોવા દે છે, જ્યારે બીજી સિસ્ટમોમાં તે જોઈ શકાતી નથી. આને કારણે તમે તમારી ઓળખ છતી ન થાય તે પર બીજાં વધારાનાં નિયંત્રણો મૂકવા માટે માગણી કરો તે પહેલાં તેની સંભવિત અસરો સમજો તે અગત્યનું છે.

- **મંજૂરી** - દરેક જણના ડીટેઈલ્ડ કેર રેકોર્ડ (સંભાળની વિગતવાર નોંધ) હોય છે, પરંતુ સમરી કેર રેકોર્ડ રખાવવા કે નહિ તેની તમે પસંદગી કરી શકો છો. માહિતીની આપ-લે કરવા માટે તમારી પરવાનગી માગવી તે તમારી ઓળખની સુરક્ષા કરવાની અમારી એક પદ્ધતિ છે. આ અમે તમને નીચેની બાબતો પૂછીને કરીશું:

  - અમે તમારા માટે સમરી કેર રેકોર્ડ ન બનાવીએ એમ તમે ઈચ્છતાં હો તો અમને જણાવો;

  - તમારા ડીટેઈલ્ડ કેર રેકોર્ડ અને તમારા સમરી કેર રેકોર્ડમાં આપવામાં આવેલી માહિતીની અમે આપ-લે કરી શકીએ છીએ કે નહિ તે નક્કી કરો; અને

  - તમારા ડીટેઈલ્ડ કેર રેકોર્ડમાં નોંધેલી કેટલીક વિગતો એટલી સંવેદનશીલ છે કે તે કોણ જોઈ શકે તેના પર તમે બીજાં વધારે નિયંત્રણો મૂકવા માગો છો કે નહિ તેનો નિર્ણય કરો.

## ફરિયાદ કેવી રીતે કરવી

જો તમને લાગે કે અમે એન.એચ.એસ. કેર ગેરંટીમાં આપેલાં વચનોનું પાલન નથી કરી રહ્યાં, તો તમારે અમને કહેવું જોઈએ. તમારે તે માટે જવાબદાર એન.એચ.એસ. સંસ્થા અથવા જીપીને લખવું જોઈએ. જ્યારે તેમને તમારી ફરિયાદ મળશે ત્યારે તેઓ તેની તપાસ કરશે અને તમને તેનો જવાબ મોકલી આપશે.

તમે તમારા હોસ્પિટલ ટ્રસ્ટમાં પ્રાઈમરી કેર ટ્રસ્ટ (પી.સી.ટી.)માં પેશન્ટ એડવાઈઝ એન્ડ લિએઝન સર્વિસ (પાલ્સ)ને માહિતી અને મદદ માટે પૂછી શકો છો. તેઓ ત્યાંને ત્યાં જ તમારી ચિંતા વિશે કદાચ કાર્યવાહી કરી શકે, અથવા બાબત કેવી રીતે આગળ લઈ જવી તેની વિગતો તમને આપી શકે.

અથવા ફરિયાદ કેવી રીતે કરવી તેની માહિતી મેળવવા માટે તમે એન.એચ.એસ. ડાઈરેક્ટને પણ 0845 4647 પર ફોન કરી શકો છો.

ડેટા પ્રોટેક્શન એક્ટ હેઠળ તમારા અધિકારો વિશે વધારે માહિતી તમને અહીંથી મળી શકે છે:

The Information Commissioner's Office
Wycliffe House
Water Lane
Wilmslow
Cheshire
SK9 5AF

ફોન: 01625 545 745.

ઈન્ફોર્મેશન કમિશનર્સ ઓફિસ હેલ્પલાઈન: 08456 30 60 60

Website: www.ico.gov.uk

નેશનલ ઈન્ફોર્મેશન ગવર્નન્સ બોર્ડ ફોર હેલ્થ એન્ડ સોશિયલ કેર વિશે વધારે માહિતી તમને તેમની આ વેબસાઈટ www.nigb.nhs.uk પરથી મળી શકશે.

ધ એન.એચ.એસ. કેર રેકોર્ડ ગેરંટી ફોર ઈંગ્લેન્ડ સૌ પ્રથમવાર મે 2005માં (Care Record Development Board (CRDB)) દ્વારા પ્રકાશિત કરવામાં આવી હતી, અને 2007માં સી.આર.ડી.બી. બંધ થઈ ગયા પછી, તેની દર વર્ષે એન.આઈ.જી.બી. દ્વારા સમીક્ષા કરીને તેમાં સુધારા-વધારા કરવામાં આવે છે. આ 5મી આવૃત્તિ છે. એન.એચ.એસ. કેર રેકોર્ડ ગેરંટી ઈંગ્લિશ સિવાયની બીજી અનેક ભાષાઓમાં મળી શકે છે અને તે www.nigb.nhs.uk પરથી ડાઉનલોડ કરી શકાય છે.

ધ નેશનલ ઈન્ફોર્મેશન ગવર્નન્સ બોર્ડ ફોર હેલ્થ એન્ડ સોશિયલ કેર (એન.આઈ.જી.બી.) ગેરંટીની આ આવૃત્તિમાં સુધારા-વધારા કરવામાં મદદ કરનાર તમામનું આભારી છે.

એન.આઈ.જી.બી. વિશે વધારે માહિતી તમે તેમની આ વેબસાઈટ www.nigb.nhs.uk પરથી મેળવી શકો છો અથવા તમે બોર્ડનો સંપર્ક કરી શકો છો:

- ઈ-મેઈલ દ્વારા: nigb@nhs.net;
- ફોન પર 0207 633 7052; અથવા
- લેખિતમાં આ સરનામે:

  The National Information Governance Board for Health<br>and Social Care<br>7th Floor<br>New King's Beam House<br>22 Upper Ground<br>London<br>SE1 9BW.

તમે ઈંગ્લેન્ડ માટેની એન.એચ.એસ. કેર રેકોર્ડ ગેરંટીની છાપેલી નકલો ઓનલાઈન પબ્લિકેશન ઓર્ડરીંગ સિસ્ટમ મારફતે અહીંથી મંગાવી શકો છો:
www.orderline.dh.gov.uk/ecom_dh/public/home.jsf



© Crown copyright, 2011 Ref: 4713GUJ Janv5 February 2011